ઇસનપુર પોલીસ સ્ટેશન
અમદાવાદ શહેર
ફોન નં. ૦૭૯- ૨૫૪૩૦૧૮૦
Email.ID-polstn-isanpur-ahd@gujarat.gov.in

અમદાવાદ શહેર પોલીસ

અમદાવાદ શહેર પોલીસ

# PRESS NOTE

## ખાડીયા પોલીસ સ્ટેશન તથા સુરત રેલ્વે પોલીસ સ્ટેશનનો મોબાઇલ ફોન ચોરીના ગુના શોધી કાઢતી ઇસનપુર પોલીસ સ્ટેશનની "SHE"ટીમ

મે.પોલીસ કમિશ્નર સા.શ્રી અમદાવાદ શહેર તથા મે.અધિક પોલીસ કમિશ્નરશ્રી સેકટર-૨ સાહેબ તથા મે.નાયબ પોલીસ કમિશ્નર ઝોન-૬ સાહેબ તથા મે.મદદનીશ પો.કમિ.શ્રી "જે" ડીવીજન સાહેબ નાઓ તરફથી "SHE"ટીમ ને અસરકારક કામગીરી કરવાની સુચનાઓ મળતી હોય જે બાબતે પોલીસ ઇન્સપેક્ટર શ્રી જે.એમ.સોલંકી સાહેબ ઇસનપુર પોલીસ સ્ટેશનનાઓના સિધા માર્ગદર્શન અને સુચના મુજબ સર્વેલન્સ સ્કોડના પો.સબ.ઇન્સ કે.એમ.ચાવડા સાહેબની સાથે "SHE"ટીમ ના વુ.અ.હે.કો. શબાનાબેન રફીકહુસેન તથા વુ.લો.ર. વૈશાલી જેંનતીભાઇ તથા વુ.લો.ર.અસ્મીતાબેન મનજીભાઇ તથા વુ.લો.ર.શીતલ દેવજીભાઇ નાઓ "SHE"ટીમ ને લગતી કામગીરી માટે ઇસનપુર પોલીસ સ્ટેશન વિસ્તારમા સ્કુલો તથા ટ્યુશન ક્લાસીસ તથા જ્યા મહીલાઓ વધુ પ્રમાણમા ભેગી થતી હોય તેવી જગ્યાઓએ પેટ્રોલીંગ ફરતા હતા દરમ્યાનમા પેટ્રોલીંગ ફરતા ફરતા તા ૨૬/૧૧/૨૦૧૯ ના કલાક ૧૮/૩૦ વાગે ઘોડાસર બગીચા પાસે આવતા સાથેના "SHE"ટીમ ના વુ.લો.ર.વૈશાલી જેંનતીભાઇ તથા વુ.લો.ર.અસ્મીતાબેન મનજીભાઇ તથા વુ.લો.ર.શીતલ દેવજીભાઇ નાઓને મળેલ સયુક્ત બાતમી આધારે આરોપીઓ (૧) જીવણભાઇ કનુભાઇ વઢીયારી ઉ.વ. ૧૯ ધંધો મજુરી રહે સરણીયાવાસ નારોલ ગામ અમદાવાદ શહેર તથા (૨) ગંગાબેન વા/ઓ કૈલાશભાઇ વેરશીભાઇ વઢીયારી ઉ.વ.૩૦, રહે સરણીયાવાસ નારોલ ગામ મુળ વતન સમખયારી તા.ગાંધીધામ જી.ભુજ હાલ રહે છારા દરવાજા પાસે ઝુપડ પટ્ટી મા સચીન સુરત શહેરનાઓને મોબાઇલ ફોન નંગ-૫ કુલ કિંમત રૂપિયા ૪૧,૦૦૦/-તથા રોકડા નાણા રૂપિયા ૩૩૨૦/- મળી કુલ રૂપિયા ૪૪,૩૨૦/-ના મુદ્દામાલ સાથે પકડી પાડેલ જે આરોપીઓની પુછપરછ દરમ્યાનમા નીચે મુજબની માહીતી જણાવેલ

(૧)ઓપો કંપનીનો મોબાઇલ ફોન મોડલ નં.એ-૧૬૦૧ આઇ.એમ.ઇ.આઇ.નં.૮૬૩૦૮૪૦૩૮૯૪૧૭૧૨ તથા ૮૬૩૦૮૪૦૩૮૯૪૧૭૦૪ કિંમત રૂપિયા ૧૦,૦૦૦/-નો પચ્ચીસેક દિવસ પહેલા રાયપુર દરવાજા પાસેથી ચોરી કરેલ જે બાબતે ખાડીયા પોલીસ સ્ટેશનમા ફ.ગુ.ર.નં ૪૬/૨૦૧૯ ઇ.પી.કો કલમ ૩૭૯ મુજબનો ગુનો દાખલ થયેલ છે

(૨)એક રીયલમી-૨ મોબાઇલ ફોન મોડલ નં.આરએમએક્સ-૧૮૦૫ આઇ.એમ.ઇ.આઇ. નંબર-૮૬૩૯૧૦૦૪૨૧૯ ૦૪૭૬ તથા ૮૬૩૯૧૦૦૪૨૧૯૦૪૬૮ કિંમત રૂપિયા ૧૦૦૦૦/-નો એક મહીના પહેલા સુરત રેલ્વે સ્ટેશન ટ્રેનમા ચઢતી વખતે ભીડમા એક પેસેન્જરના ખિસ્સામાથી ચોરી કરેલ જે બાબતે સુરત રેલ્વે પોલીસ સ્ટેશનમા ફ.ગુ.ર.નં ૪૯૭/૧૯ ઇ.પી.કો કલમ ૩૭૯ મુજબનો ગુનો દાખલ થયેલ છે

(૩)એક વીવો કંપનીનો મોબાઇલ ફોન મોડલ નં-વાય૩૧એલ આઇ.એમ.ઇ.આઇ.નં-૮૬૦૪૦૮૦૩૫૯૬૨૮ ૯૦ તથા ૮૬૦૪૦૮૦૩૫૯૬૮૨૮૨ કિંમત રૂપિયા ૫૦૦૦/-નો જેની જગ્યા હાલમા યાદ નહી હોવાનુ જણાવેલ

(૪)એક વીવો કંપનીનો મોબાઇલ ફોન મોડલ નં-૧૬૧૦ આઇ.એમ.ઇ.આઇ.નં. ૮૬૩૯૧૪૦૩૮૮૪૩૧૩૦ તથા ૮૬૩૯૧૪૦૩૮૮૪૩૧૨૨ કિંમત રૂપિયા ૮૦૦૦/-નો બાર-તેર દિવસ પહેલા ડાકોર મંદિર પાસેથી ચોરી કરેલ હોવાનુ જણાવેલ

(૫)એક વીવો કંપનીનો મોબાઇલ ફોન મોડલ નં-૧૮૧૨ આઇ.એમ.ઇ.આઇ.નં.૮૬૬૦૪૫૦૪૪૯૩૭૦૩૩ તથા ૮૬૬૦૪૫૦૪૪૯૩૭૦૨૫ કિંમત રૂપિયા ૮૦૦૦/-નો અઠવાડી પહેલા સુરત રેલ્વે પ્લેટ ફોમ ઉપરથી એક ઇસમનો ચોરી કરેલ હોવાનુ જણાવે છે

